# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




હિંદુ કોણ મુસલમાન, ગંગા ને ક્યાં ખબર છે?
આ ધાર્મિક કટ્ટરતાની, ગંગાને ક્યાં ખબર છે?
એ વહે છે પવિત્ર કરવા સૌના મેલા વિચાર -
છે સાંઇ-ભક્ત કે સનાતની, ગંગાને ક્યાં ખબર છે!!

અચ્છે દિન કો
સામુહિક મૃત્યુ કે -
લગે હૈ લચ્છે!
(અકસ્માતોની ભરમાર)

વિના બોલાવ્યે!
લ્યો! આવી ગયું ચીન -
મળવા માટે..
(૫ કીમી સુધી ઘૂસ્યું)




## ચિંતન

**અન્ન હીનો દહેદ્ રાષ્ટ્રં મંત્રહીનશ્ચ ગત્વિજઃ । યજમાનં ધનહીનો નાસ્તિ યજ્ઞસમો રિપુઃ ॥**

જયાં મંત્રોનું સંપૂર્ણ જ્ઞાન ન હોય - મંત્રો ન જાણતા હોય એવા ઋત્વિજ હોય ત્યાં-તે દેશમાં અન્ન ઉત્પન્ન થતું નથી અને જયાં એવા યજમાન હોય જેનામાં દાન આપવાની ભાવના જ ન હોય એવા યજ્ઞ સફળ થતા નથી ઉલ્ટું એવા યજ્ઞ દુશ્મન જેવું કાર્ય કરે છે.

આમ તો પૂર્ણ યજ્ઞવિધિ ન જાણનારા ઋત્વિજ-કર્મકાંડી બ્રાહ્મણ અને દાન આપવામાં ન સમજતા યજમાનની અહીં વાત છે.

પરંતુ દેશના વહીવટી તંત્રને પણ આ વાત લાગુ કરી આની સ્પષ્ટ સમજ મેળવી શકાય છે. જે દેશનાં પ્રધાનો-અને વહીવટી તંત્ર અનુભવી અને પોતાના ખાતાં-વિભાગનું સંપૂર્ણ ટેકનીકલ જ્ઞાન ધરાવતા નથી તે નિર્ણયો લેવામાં 'છબરડા' વાળે છે અને દેશ ખાડે જાય છે. દુખી થાય છે.

એવી જ રીતે પ્રજા પણ સરકારને દરેક રીતે મહેસૂલ-કરવેરા ભરવામાં છટકબારી શોધે અને કરચોરીની ભાવના રાખે તો પણ વહીવટી તંત્ર ખાડે જાય છે. આમ લોકશાહીનો સમૂહ યજ્ઞ સરકારના વહીવટી તંત્રના કૌશલ્યને અભાવે અને પ્રજાના આર્થિક સહકાર વિના દુશ્મનનું કાર્ય કરે છે.

## સુવિચાર

- કશુંક મેળવવાની ઉત્તમ રીત છે કશુંક ખોવાની, પણ માણસની નજર મેળવવા તરફ રહે છે એટલે એ ખોવાનો આનંદ માણી શકતો નથી. સાગર બનવા તડપતાં આપણે સરિતા બની નિઃશેષપણે સમર્પિત થવાની મસ્તી કેળવવા તૈયાર નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- નવાં-નવાં બહાનાઓનો નિસદિન મબલખ ફાલ, બહાનાખોરીની અવનવી ચાલ, આજના લોકોની અમોઘ ઢાલ, પછી ક્યાંથી સુધરે આપણી 'આજ અને આવતીકાલ?' - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- હૃદયની શુદ્ધિ અને વિશાળતા એ માણસની કમજોરી નહીં પણ માણસમાં રહેલા દિવ્યત્વની બીનશરતી ખેરાત છે. જેનો આત્મા બળવાન અને નિર્મળ હોય એ જ શુભત્વ અને શિવત્વનો માર્ગ અપનાવી શકે - **શાહબુદ્દીન રાઠોડ**
- સ્વાર્થના વનમાં નિઃસ્વાર્થનું સદ્‌ભાવનું નાનું નંદનવન સર્જવું એ પણ જગતની બહુ મોટી સેવા છે - **જનકલ્યાણ**
- સંન્યાસીનો અર્થ ત્યાગશીલ, જે ત્યજવા જેવું હોય તેના તરફ અનાસક્ત એનું નામ સન્યાસી - **રજનીશ**
- આજકાલ 'શીખવનારા' વધ્યા છે, પણ 'શીખનારા' પલાયનવાદી બન્યા છે... એનાથી વધુ સમાજમાં શી કરૂણતા હોઇ શકે - **અખંડ આનંદ**
- જીવનમાં આવનાર મુશ્કેલીઓ વિઘ્નોની શરણાગતિ સ્વીકાર્યા વગર દરેક પરિસ્થિતિમાં મસ્ત રહેવું એ જ વિઘ્નોને ઠોકર મારવાનો શ્રેષ્ઠ માર્ગ છે - **શરીફા વીજળીવાળા**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

જેમ જરૂરિયાત-ટેવ-શોખો-સ્વાદ ઓછા તેમ સુખ વધારે - ઇચ્છાઓ અને અપેક્ષાઓ એ દુખને અપાતું આમંત્રણ જ છે.

રાજા આનંદવર્ધન પાસે ખૂબ સમૃદ્ધિ અને વિશાળ રાજય હતું. પણ સાંજ પડે એને ઉંઘ નહીં આવેની ચિંતા થતી અને દુઃખી-દુઃખી થઇ જતો. એક સંત પાસે ગયો પોતાના દુખની વાત કરી. મારી પાસે બધું જ છે છતાં મને શેની ચિંતા છે? ઉંઘ કેમ નથી આવતી?

સંત કહે કોઇ એક 'સુખી માણસ'નું પહેરણ માગીને તું એ પહેરી લે પછી તને સુખ-શાંતિ મળશે? રાજાએ 'સુખી માણસ' શોધવા ચારેકોર સેવકો દોડાવ્યા. કેટલાક મહિના પછી એક અલમસ્ત યોગી જંગલમાંથી મળી આવ્યો, જે 'પોતે સુખી છે' એમ કહેતો હતો. પણ એણે માત્ર લંગોટ જ પહેરી હતી.

રાજા સામે ખડો કર્યો. રાજાએ પુછ્યું, 'શું તું ખરેખર સુખી છો?'


પેલા અલમસ્તે હા પાડી - એટલે રાજા કહે - તું મને તારું પહેરણ વેચાતું આપ - એની માગી કિંમત આપીશ?

પેલો અટહાસ્ય કરી બોલ્યો - રાજન્ મેં જિંદગીમાં કદી પહેરણ પહેર્યું જ નથી! અને મારે જંગલમાં પૈસાની શી જરૂર ફળફૂલ ખાઇ નદીનું પાણી પી લઉં છું. મને કોઇ જ જરૂર નથી. રાજાની આંખ ઉઘડી. જરૂરિયાતની જ ચિંતા હોય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# તન, મન અને ધન ખર્ચી રાષ્ટ્રની સેવા કરતા જળ અને ગીરગાય ક્રાંતિના સ્થાપક શ્રી મનસુખભાઇ સુવાગીયા

**મોંઘેરા મોતી** - નટવર આહલપરા



જેમ રામાયણ, ભાગવત અને ગીતાજી વાચતા જેવી પ્રતીતિ થાય એવી અનુભૂતિ મને મનસુખભાઇ સુવાગીયા લિખિત 'ગોવેદ' ગ્રંથ વાચતા થઇ છે.

મોરારી બાપુ 'ગોવેદ' અંગે પ્રતિભાવ આપતા રહે છે કે, 'મનસુખભાઇએ જળસેવા, કૃષિસેવા અને ખૂબ જ પ્રમાણિક પ્રયોગ ગોસેવાની દીક્ષા લીધી છે.' તો જાણીતા ઇતિહાસકાર નરોત્તમ પલાણ એમ લખે છે કે, 'કામધેનુ પુરાણ' જેવો પવિત્ર 'ગોવેદ ગ્રંથ' વિદેશી વાવડાથી બંધ થયેલી આપણી આંખને ખોલનાર ઔષધિ છે.'

અહીં મને વિનોબા ભાવેનો સુવિચાર મનસુખભાઇને ભેટ આપવો ગમે જ,

''આત્મ પ્રયત્ન, વૃદ્ધોના આશીર્વાદ સંતોની સંગતિ, ગુરૂકૃપા અને ઇશ્વરી ઇચ્છા આ પરમાત્માનાં સાધન છે,'' પરમાત્માએ આપેલા સાધનોનો ઉપયોગ મનસુખભાઇ બરાબર, સુયોગ્ય રીતે કરી જાણે છે.

મનસુખભાઇને નજીકથી જોવાનું, માણવાનું એમના જ ફલોટેક એન્જી. સંકુલની ઓફિસમાં મળ્યું. ગામડામાં કહે ને કે, 'આ માણસ ભખભખિયો છે બોલે ખરો. સાચું કહી દે પછી એના મનમાં કંઇ ન હોય, હું તો એમ કહું છું કે, 'બોલે તેને પહોંચાય. મુંગાનું તળ જ ન સુઝે.'

તા. ૦૬-૦૪-૧૯૬૩ ના રોજ ગરવા ગિરનાર જિલ્લાના મેંદરડા તાલુકાના ખડપીપળી ગામે મનસુખભાઇ જન્મ્યા છે. પિતા લાલજીભાઇ, માતા ચતુરાબેન અને ખડપીપળી મનસુખભાઇની અમૂલ્ય પાઠશાળા છે, આ પાઠશાળામાં આજેય તેઓ ભણી રહ્યા છે. વળી શારદાગ્રામ, આલીધ્રા ભૂમિ ઉપર ૧૨ ધોરણ સુધી ભણ્યા, ગણ્યાં, રખડ્યાં, ભટક્યાં અને બરાબર ટીપાયાં છે.

તેમના પિતા લાલજીભાઇનો વ્યવસાય ખેતી હતો એટલે મનસુખભાઇએ બાળપણમાં ખંતથી ખેતી કરી છે. એગ્રી કલ્ચર વિભાગમાં નોકરી પણ કરી છે. હાલ સબમર્સીબલ પમ્પના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં આગવું નામ ધરાવતાં ફલોટેક પમ્પ ઉદ્યોગ સંકુલમાં તેઓ એમ.ડી. છે.

મનસુખભાઇના પ્રથમ ધર્મપત્ની રસીલાબેન. રસીલાબેનના અણધાર્યા અવસાન બાદ પુનઃલગ્ન કર્યા મુક્તાબેન સાથે. બે સંતાનોના પિતા મનસુખભાઇની સુપુત્રી પ્રતિક્ષાએ બાયોટેકનોલોજી વિષયનો લંડન અભ્યાસ કરી માસ્ટર ડીગ્રી મેળવી છે અને હાલ ભરૂચ સાસરે ગૃહસ્થ જીવન સંભાળે છે. પુત્ર કશ્યપે મિકેનિકલ એન્જી.માં અભ્યાસ કર્યો છે.

મનસુખભાઇ માટે પંક્તિઓ યથાર્થ છે,

● ભાષાની બે ખાણ છે :

એક પુસ્તકો, બીજી લોકવાણી!

આજ સુધીમાં મનસુખભાઇએ દેશ-વિદેશના ૫૦૦ પુસ્તકો વાંચ્યા છે. પણ કોમ્પ્યુટર યુગ વિશે મંતવ્ય આપતા તેઓ કહે છે કે, 'મોબાઇલ - કોમ્પ્યુટરથી જરૂર વિકાસ થયો છે પણ વાંચન ગયું એટલે કલ્પનાઓ કુંઠિત થઇ તેમાં કેટલું નુકશાન થઇ રહ્યું છે?'

'આચાર એજ પ્રચારનું શ્રેષ્ઠ માધ્યમ છે.'

પોતે બોલે છે, કહે છે તેનું આચરણ મનસુખભાઇ કરે છે. વ્યસ્તતા વચ્ચેય નિયમિત વહેલી સવારે અને સાંજે જમ્યા પછી પુસ્તક વાંચે છે. ૨૩ વર્ષે ૨૦૦ પુસ્તકો ખરીદ્યા હતા અને ૩૦૦ પુસ્તકો વાંચ્યા હતા.

ગમતી ટી.વી. સિરીયલ કોઇ નહીં પણ મનસુખ ભાઇ સમાચાર, રમતગમત અને ડિસ્કવરી ચેનલ અચૂક નિહાળે છે. મનસુખભાઇની જીવનશૈલી પણ મજાની છે. જીવન વિકાસના જે પગલાં તેઓએ ભર્યા તેમાં તેમણે જળક્રાંતિ અને ગિર ગાયના સંવર્ધનમાં મેદાન મારી ગયા છે. ગોવેદ જેવો ગ્રંથ રચી શક્યા અને ફલોટેકને રાષ્ટ્ર વ્યાપી ઉદ્યોગ સંકુલ બનાવી શક્યા છે. મનસુખભાઇના ઉમદા વ્રતો છે (૧) જીજ્ઞાસા, જાણવું, વાંચવું, ફરવું, જોવું. (૨) કોઇના દુઃખ પ્રત્યે સંવેદના રાખવી (૩) જીવન, ગામ, પ્રકૃતિ, રાષ્ટ્રના કોઇ પણ પ્રશ્નોને મૂળમાંથી ઉખેડવાની ઇચ્છાશક્તિ રાખવી અને એના માટે સંકલ્પ લેવો ઉપરાંત લીધેલાં સંકલ્પને જાતે કામ કરી પાર પાડવો.

મનસુખભાઇના ઉમદા અગિયાર મંત્રો સૌ માટે પ્રેરક છે.

(૧) ગમે તેવો સફળ માણસ રાષ્ટ્ર અને સમાજ માટે છે તેથી રાષ્ટ્ર અને સમાજ માટે કામ કરવું જ જોઇએ.

(૨) પ્રાકૃતિક અને તાજો આહાર લેવો જોઇએ. ગાયના દૂધ-ઘી ઘરમાં ખાવા જોઇએ.

(૩) ભારતનો ગૌવંશ લુપ્ત થઇ રહ્યા છે તેને બચાવવો છે.

(૪) ધર્મપરિવર્તન, સંપ્રદાયો અલગ કરી તોડવાના પ્રયત્નો થાય છે તેની સામે લોકો પ્રાણવાન બને. જેથી રાષ્ટ્ર પણ પ્રાણવાન બનશે.

(૫) ઘર, કારખાના વ. સ્થળે વીજળીના છેડા છુટા ન મુકવા જોઇએ. ગમે તેમ વાહન ચલાવવા, પાર્ક કરવા, ગમે ત્યાં થુંકવું, ગંદકી કરવી, કચરો ફેંકવો, રાષ્ટ્રની સંપત્તિનું જતન ન કરવું, વૃક્ષો કાપવા, પાણી-વીજળી ચોરી ન કરવી જોઇએ.

(૬) કામ કરતાં કરતાં ગમે તેવા વિઘ્નો આવે ત્યારે પોતાનાં ધ્યેયથી અંશમાત્ર ડગવું નહીં. ધ્યેય પ્રાપ્તિએ પહોંચવા નિરંતર તન, મન અને ધનથી કામ કરવું.

(૭) આયુર્વેદ મારો શોખનો વિષય છે, સાદું જીવન જીવું છું. નિર્વ્યસની છું. પ્રાકૃતિક, સાદો આહાર લઉં છું અને ગાયનું ઘી, દૂધ લઉં છું. ૭૫ વર્ષે પણ યુવાન રહેવું અને નિરોગી રહેવું એવો સંકલ્પ લીધો છે. યોગ અને ધ્યાન કરું છું. સવારે ૫.૩૦ વાગ્યે ઊઠું છું. વહેલા સુઇ, વહેલો ઊઠું છું.

(૮) ગૌવંશ અર્થે પ્રકૃતિમાં રમમાણ રહેવા પ્રવાસ કર્યા છે. રબારીનાં ઝૂંપડામાં બે દિવસ નહાયા વિના રહ્યો છું. વિદેશ કેનિયામાં ગાય જોવા તેમજ ગાયપાલન જોવા ગયો છું. પ્રકૃતિ અને પરમાત્મામાંથી મન હંમેશા પ્રેરણા મળતી રહે છે.

(૯) શિક્ષણનું માધ્યમ ભલે શાળા-કૉલેજ હોય પણ સાચો માર્ગ કર્મ છે. મને મારા કર્મોથી જ મહત્તમ શીખવા મળ્યું છે. ઇશ્વર સકલ જગતમાં વ્યાપ્ત છે. તેમાં મારી પૂર્ણશ્રદ્ધા છે. સાચા સંતની પૂજા કરું છું. ખોટા પરચા દેખાડતાં પાંખડીની નહીં.

(૧૦) ગિરનારમાં ખોટા, દંભી નાગા બાવા બિભત્સ કરતા હતા તેને પથ્થરથી માર્યા હતા.

(૧૧) દરરોજ દાંતણ કરું છું. સાંજે મીઠાના કોગળા કરી મોઢું સાફ કરું છું. ચા પીધા પછી પાણી પીઉં છું કારણ વૃદ્ધ ઉંમરે પણ દાંત ન પડે. મુખવાસમાં તલ, અજમાં ખાઉં છું. યુવાનોનો મારો સંદેશ છે કે (અ) વ્યસન મુક્ત્ રહેવું (બ) વહેલા ઊઠવું (ક) દરેક કામ જાતે જ કરવું (ડ) જિંદગી બરાબર જીવી લઇએ એવો જીવનમંત્ર રાખવો જોઇએ.

'આરોગ્ય દાતા દેશી ગાય' ઉપયોગી અને પ્રેરક પુસ્તિકાની અત્યાર સુધીમાં ૫ લાખનું વિતરણ થયું છે. પગ પાળાને ન બેસનારા મનસુખભાઇએ 'વસુંધરાના વૈભવ' પુસ્તકમાં પ્રકૃતિરક્ષા યોજના અંગે સુંદર, ઉપકારક લખ્યું છે તો સ્ત્રીના ગુણદર્શન દર્શાવતા પુસ્તક 'સ્ત્રી-ઉપનિષદ'માં સ્ત્રીઓની ૧૧૧ ઓળખ ટૂંકમાં સચોટ રીતે આલેખી છે.

સાસણ જંગલમાં રહી સિંહ સામે બાથ ભીડનાર રબારી કન્યાઓનું સન્માન થાય તો કાંકરેજ ગોરક્ષા અને વ્યસનમુક્તિના સંકલ્પ સંમેલન પણ મનસુખભાઇના જલ ક્રાંતિ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા થાય.

સને. ૧૯૮૫ થી ૯૮માં ગુજરાત રાજય કારમી જળ સમસ્યામાં સપડાયું અને ભુગર્ભજળ ખૂબ ઊંડા ગયા કે સાવ ખાલી થઇ ગયા. ગામે ગામ પીવાના પાણીની સમસ્યા થઇ. ખેતી, પશુધન, ગામડા, પર્યાવરણ બેહાલ થયા. ગ્રામ્ય પ્રજા જીવન નિર્વાહ માટે પરંપરાગત ધંધો-ગ્રામ્ય સંપત્તિ છોડી શહેરો તરફ ભાગી, ત્યારે સને. ૧૯૯૮માં મનસુખભાઇ સુવાગીયાને ઇશ્વરે વિચાર આપ્યો કે 'આ કારમી જળ સમસ્યાઓ કાયમી ઉકેલ લાવવા નદી અને વહેણો ઉપર ગામે ગામ પાંચથી પચાસ ચેકડેમો અને એક બે મોટા તળાવો બાંધવા જરૂરી છે.' પરંતુ ત્યારે રાજય કે કેન્દ્ર સરકારની આવી કોઇ યોજના નહોતી છતાં સહેજ પર નિરાશ થયાં વિના આ યોજના પાર પાડવા માટે પોતાની આંતરસુઝથી પાંચ સિદ્ધાંતની નવી યોજના બનાવી.

ફલોટેક એન્જી. સંકુલમાં માનવતા અને રાષ્ટ્રભક્તિના સાત પગલાં નિયમિત ભરાય છે. (૧) કંપનીના સ્ટાફનાં ધર્મપત્નીને સગર્ભાવસ્થા દરમિયાન નવ માસ દૈનિક ૫૦૦ ગ્રામ દેશી ગાયનું ઘી અને સુવાવડ વખતે એક કિલો ઘી અપાય છે. જેથી આવનારું બાળક તંદુરસ્ત અવતરે.

(૨) કંપનીમાં સ્ટાફ અને કંપનીમાં આવતા ખેડૂત મહેમાનો માટે વ્યસન પ્રતિબંધ છે.

(૩) ઝેરી ઠંડા પીણા નહીં અને કંપનીના રસોડામાં લીંબુના ફૂલ, રંગ, રસાયણ પણ વપરાતાં નથી.

(૪) કંપનીમાં ખેડૂતો, ગ્રાહકો માટે કુટિર બનાવી છે તેમાં માલિક સાથે બેસીને ખેડૂતો, મહેમાનો અને સ્ટાફ ભોજન લે છે. ગાયના દૂધ, ઘી, છાશ અને કેમિ. કલ મુક્ત દેશી ગોળ પીરસાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ગેંગટોક-રુમટેક-નામચી પ્રવાસ હજી શ્વાસમાં છે...

**વિચારયાત્રા** - ડો. જય ઓઝા

(ગતાંકથી આગળ...)

પ્રવાસ એટલે મોંઘાદાટ રીસોર્ટમાં રહેવું, સામાનમાં અઘધ ફેશનેબલ કપડા લઇ જઇને ફરવું, ખાવું-પીવું, ત્યાંના વિવિધ પોઇન્ટ્સ પર ફોટા પાડીને, ફેસબુક, વોટ્સ અપ પર મૂકવા અને ફ્રેન્ડ્સને બતાવીને પોરસાવું... ખરું ને! પ્રવાસ એટલે આપણા મગજમાં તો આ જ કલ્પના ને!

પરંતુ ખરેખર તો પ્રવાસ એ તો આપણો આપણી સાથેનો સહવાસ છે. પ્રકૃતિ સાથે એકાકાર થઇને ભરપૂર ઓઝોન અને ઓક્સિજન ફેફસામાં ભરી લઇને ફરી પાછું આખું વર્ષ દુનિયાદારીની પળોજણમાં પડવા માટેનું ટોનિક એટલે પ્રવાસ.

દાર્જીલીંગથી ૩૫ કિ.મી. દૂર મિરીક લેક છે... ત્યાં જવાનો જે રસ્તો છે, તે હૃદયને ઝંકૃત કરી દેનારો છે. પાઇનના વૃક્ષોની કતારબદ્ધ હરોળ વાળા લીલોતરી સભર જંગલો, વચ્ચે વચ્ચે ચાના બગીનાના ઢોળાવ... આખું વાતાવરણ વાદળોથી આચ્છાદિત... જાણએ આપણી સીન્ડ્રેલાના દેશમાં ન આવી ગયા હોઇએ તેવો અહેસાસ થાય.

મિરીક લેક જતા વચ્ચે પશુપતિનાથ માર્કેટ છે, જે નેપાળમાં છે, જેવી બોર્ડર ક્રોસ કરો કે તરત જ પશુપતિનાથ માર્કેટ શરૂ થઇ જાય... જો કે કમનસીબે અમને એ માર્કેટ બંધ જ જોવા મળી કારણ કે નેપાળમાં માઓવાદીઓ દ્વારા બંધનું એલાન હતું...

ત્યાંની આગળ જઇએ એટલે આવે મિરીક લેક... આબેહૂબ દૃશ્ય... પાઇનના વૃક્ષોની વચ્ચે આવેલું તળાવ એટલે મિરીક લેક... હિમાચલ પ્રદેશમાં ખજીયાર જેવું જ દૃશ્ય... તેમાં બોટીંગની મજા માણી શકાય છે...

પાછા ફરતી વખતે મસ્ત ટી એસ્ટેટ આવે છે... દૂર-દૂર સુધી નજર કરો તો ચાના બગીચાના ઢોળાવ જ નજરે પડે...

બીજા દિવસે વહેલી સવારે સાડા ત્રણ વાગે દાર્જીલીંગથી આઠ કિ.મી. દૂર ટાઇગર હિલ પર સૂર્યોદર જોવા પહોંચી ગયા... અને બરાબર ૪.૫૦ સૂર્યની પહેલી રતાશ કાંચનજંઘાની પર્વતમાળા પર પડી... હિમાલયના માઉન્ટ એવરેસ્ટ પછી સૌથી મોટી ટોચ હોય તો તે કાંચનજંઘા પર્વતમાળાની છે... જે રતાશ પડે છે, તે મંત્રમુગ્ધ કરી દે છે... ૪.૫૦ થી ૫.૦૦ આ દસ મિનિટ જીવનની ધન્યતમ ક્ષણોમાંની એક હતી... ધીરે ધીરે બર્ફીલા પહાડોની પાછળથી સૂર્યદેવતા દેખા દે અને તેની હીંગળોક જેવો કેસરવર્ણો રંગ આખા કાંચનજંઘા પર્વતોને સફેદમાંથી કેસરી બનાવી દે... સૂર્ય અને આપણી વચ્ચે કોઇ અવરોધ નહીં... વાદળોના ગોટેગોટા આપણી અને સૂર્યનારાયણની નીચેથી પસાર થતા હોય... આ મોહક દૃશ્ય જ ગુજરાતની બંગાળ સુધીનો સફર વસૂલ કરાવી દે... અદ્‌ભૂત દૃશ્ય... અદ્યતન કેમેરામાં પુષ્કળ ફોટા પાડ્યા જતાં આંખોની કીકીઓનાં કચકડામાં જે દૃશ્યો કેદ થયા છે, તે જિંદગી ભરનું સંભારણું બની રહેવાના છે...

હિમાલયન માઉન્ટેયરીંગ ઇન્સ્ટીટયુટ અને હિમાલયન ઝૂ બંને ખૂબ મહત્ત્વપૂર્ણ સ્થળ છે... માઉન્ટેનરીંગ ઇન્સ્ટીટયુટમાં પુરા વિશ્વના પર્વતારોહક અભ્યાસુઓ આવે છે... પર્વતારોહણ માટે ઉપયોગમાં લેવા કપડાથી માંડીને દરેકે ઓજાર સાધનોનું પ્રદર્શન છે... આ ઇન્સ્ટીટયુટ ટ્રેકિંગ કરનારાઓ માટે માહિતીના ખજાના સમાન છે...

હિમાલયન ઝૂમાં ત્યાંના 'પેડ પાન્ડા' કે જે ત્યાંના જ રહેવાસી છે, તે જોવા મળે છે...

આ ઉપરાંત હિમાલયના બર્ફીલા પહાડોમાં વસતાં વિવિધ પક્ષીઓ જોવા મળે છે... રીંછ, સફેદ ચીત્તા, શિયાળ, વરુ અને અલગ-અલગ હરણની પ્રજાતિઓ જોવા મળે છે... પહાડોને તોડી તોડીને પ્રાણી સંગ્રહલાય બનાવવામાં આવ્યાં છે, એટલે જંગલનું પ્રાકૃતિકપણું થોડાઘણાં અંશે સચવાઇ રહ્યું છે...

તિબેટીયન રેફ્યુજી કેમ્પ સૌ પ્રથમ ૧૯૫૬માં દલાઇ લામા અમુક તિબેટીયન લોકો સાથે દાર્જીલીંગથી ૧૦ કિ.મી. દૂર એક શિકર પર નિરાશ્રીત તરીકે આવી ગયા હતા. આજે પણ આ જગ્યા પર તેમની એક આખી વસાહત રહે છે, અને અલગ અલગ હાથવણાટની અથવા શિલ્પની વસ્તુઓ બનાવીને પ્રદર્શન કરીને રોજી મેળવે છે. જાપાનીઝ પેગોડા ટેમ્પલ અદ્‌ભૂત શાંતિ પ્રદાન કરતું સ્થળ છે.

દાર્જીલીંગથી અમે સિક્કીમ તરફ જવા રવાના થયા... તિસ્તા અને સિક્કીમથી આવતી રંગીત નદીના કલસોર સાથે સાથે અમે કુદરતની અણમોલ વિરાસત સમા સિક્કમમાં પ્રવેશ્યા. કુદરતે ખોબલે ખોબલે તેની સુંદરતા સિક્કીમમાં વેરી છે... ઉત્તરાખંડ અને હિમાલય પ્રદેશમાં પણ પહાડીઓ અને વાદીઓ વચ્ચેથી પસાર થવાનો અનુભવ છે... પરંતુ અહીંનાં જંગલ અને પર્વતોની વાત જ ન્યારી લાગી... કારણ અહીં જંગલોને કોઇ સળગાવતું ન હતું.... જંગલો સળગાવવાતા ખરાબ દૃશ્ય ઉત્તરાખંડમાં જોયા હતા... પરંતુ અહીં તો લીલોતરી સિવાય કશું નજરે ન પડે... લીલા વાંસના જંગલ અને વચ્ચે વચ્ચે અનાનસના ઝાડ.

આપણે સામાન્ય રીતે ગેંગટોક કહીએ છીએ પરંતુ ત્યાંના લોકોના જણાવ્યા પ્રમાણે તેનું સાચું નામ 'ગન્તોક' છે... 'ટોક' એટલે 'શિખર.'

ગેંગટોક ખૂબ જ સ્વચ્છ અને સુંદર શહેર છે... કાગળ, પ્લાસ્ટિક કે બીજો કચરો ક્યાંક જોવા ન મળે... ગેંગટોકમાં 'બાન-જાખરી વોટર ફોલ' છે...Mind Blowing ધોધ છે.

એક દંતકથા મુજબ બાન અને જાખરી બંને પતિ-પત્ની હોય છે અને તે બંને ભૂવા તરીકે કામ કરતા હોય છે... વર્ષો પહેલાની આ વાત છે, જયારે દવાખાના અને હોસ્પિટલ ન હતી... કથા મુજબ પતિ-પત્ની જે કોઇ બિમાર આવે તેની એવી જડીબુટ્ટી વડે દવા કરતા કે ધીરે ધીરે કરતા ત્યાં આજુબાજુના પ્રદેશ લોકોના મરવાની સંખ્યા ખૂબ ઘટી ગઇ. આથી જન્મ-મરણનો રેશિયો જળવાઇ રહે માટે એમને રાજા દ્વારા વિનંતી કરવામાં આવી કે તેઓ ઉપચાર બંધ કરે... અને ત્યાર પછી તેમના માનમાં તે ગુફા અને ધોધનું નામ રાખવામાં આવ્યું...

૧૫ કિ.મી. દૂર હનુમાન ટોક છે, જે આર્મી દ્વારા સંચાલિત મંદિર છે, માટે સ્વાભાવિક રીતે વેલ મેઇન્ટેન્ડ છે. હનુમાનજી લક્ષ્મણ માટે સંજીવની પર્વત લઇને પાછા ફરતી વખતે આ શિખર પર થાક ખાવા રોકાયા હતા... કાંચનજંઘા અહીંથી પણ દેખાય છે.

નીચે ઊતરીએ કે તરત જ ગણેશ ટોક છે, જે હનુમાન ટોકથી બિલકુલ વિપરીત અને ખુબ અવ્યવસ્થા ભરી જગ્યા છે કારણ સિમ્પલ છે એ આર્મી દ્વારા સંચાલિત નથી.

Any way ગેંગટોકથી ૪૦ કિ.મી. દૂર રૂમટેક સ્થાન મળ્યું છે... ભાઇચુંગ ભૂટિયા ભારતનો એકમાત્ર જાણીતો ફુટબોલ પ્લેયર... તેના નામનું ગેંગટોકમાં મસ્ત ફૂટબોલ ગ્રાઉન્ડ છે... પહાડોની વચ્ચે બનાવેલું આ ગ્રાઉન્ડ રમતપ્રેમીઓ માટે Must See સ્થળ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ...આખરે પ્રશાંતને થાય છે કે ઇશ્વર જે કરે છે તે સારા માટે કરે છે અને ફરીથી કુદરતે બક્ષેલ 'લક્ષ્મીદેવી'નો સહર્ષ સ્વીકાર કરે છે

**જીવનની ઘટમાળ** - નિરંજન ઓઝા

રવિશંકર પ્રતાપરાય દેસાઇ, ભાવનગર શહેરની મકાન અન માર્ગ વિભાગની કચેરીમાં એન્જીનીયર તરીકે સેવા આભી રહ્યા છે. તેઓ અંગ્રેજી સમયની ભાવનગરની બાર્ટન લાઇબ્રેરી નજીક આવેલ શુભલક્ષ્મી સોસાયટીમાં નિવાસ કરે છે. પોતે એન્જીનીયર હોવાથી પોતાના પુત્ર પ્રશાંતને પણ એન્જીનીયર બનાવવાની મહેચ્છા ધરાવે છે. તેથી પ્રશાંતના અભ્યાસમાં ખૂબ જ ધ્યાન રાખતાં, પરિણામે પ્રશાંત પણ કોઇ પણ પ્રકારના વિઘ્ન વિના એન્જીનીયરે થઇ ગયો. રવિશંકરભાઇએ દશ વર્ષ સરકારી સેવા કર્યા પછી રાજીનામું આપી, જોગીવાડની ટાંકી પાસે આવેલ રૂવાપરી માતાના મંદિર નજીક લઘુઉદ્યોગની ફેકટરી શરૂ કરી છે. પ્રશાંત એન્જીનીયર થયા પછી, તેમાં કાર્યરત થયો અને ત્રણેક વર્ષના અનુભવ પછી ફેકટરીની ફાવટ આવી ગઇ. પોતાના પિતાની ઉંમર થતાં, નિવૃત્ત થાય તે પહેલાં તેમનો અનુભવ માર્ગદર્શન થતા સલાહ મળી રહે તેમનો અનુભવ માર્ગદર્શન તથા સલાહ મળી રહે તે હેતુથી બીજું એકમ પણ શરૂ કરેલ, તેમાં ફક્ત હાજરી તથા સલાહ, સુચન પ્રશાંતને આપતાં રહ્યા.

વેપારી વર્ગમાં તથા જ્ઞાતિમાં રવિશંકરનો મોભો સારો હોવાથી પ્રશાંત પુખ્યવયનો થતાં, માગા આવવા લાગ્યા, તેમાંથી તેમની પસંદગી પોતાની જ જ્ઞાતિના તથા વડવાસા કારકાનું ધરાવતાં જશવંતરાયની પુત્રી પૌલમી સાથે વેવિશાળ નક્કી થાય છે અને થોડા સમય પછી લગ્ન પણ લેવાય છે. પૌલમી તે દરમિયાન કુટુંબમાં બરોબર સેટ થઇ જાય છે અને સાસુ-સસરાંના પડતો બોલ ઝિલે છે. તેથી તેની વાણી, વર્તન અને વ્યવહાર માટે માન રહે છે. ત્રણેક વર્ષના સમયગાળા પછી તેને સારા દિવસો રહે છે. સોનામાં સુગંધ ભેળવ્યાનો આનંદ વર્તાય છે. ભાવનગરના સારામાં સારા ડોકટરની સારવાર શરૂ થાય છે અને સમય પ્રમાણે પ્રશય લક્ષ્મીદેવીનું આગમન થાય છે. વળી પાછા બે એક વર્ષ પછી બીજા લક્ષ્મી દેવીનું આગમન થાય છે. ત્યારે પ્રશાંત થોડાંક નારાજ છે કારણ કે વેપાર સંભાળવાળો દીકરો આવ્યો હોત તો ઠીક થાત, દીકરી તો આખરે પારકી થાપણ પૌલોમીને પોતાના પતિ પ્રશાંતની નારાજી છાની રહેતી નથી, આ સમય દરમિયાન રવિશંકરરાયનું અવશાન થાય છે.

સમય સરકતો જાય છે અને પૌલોમીને સારા દિવસોની ફરીથી જાણ થાય છે વા વખતે બધાંને દીકરાંની આશા છે અને તે મુજબ આશા ફળે છે અને પુત્રરત્નની પધરામણી થાય છે. પરંતુ ડોકટર સાહેબ જાહેર કરે છે કે પૌલોમી હવે 'મા' બની શકશે નહીં.

વેપારમાં વૃદ્ધિ તથા કુટુંબમાં લાડલાની પધરામણીથી દિવસો આનંદ-આનંદમાં પસાર થાય છે. તે દરમિયાન પુત્ર ૧૭ વર્ષનો થતાં એક દિવસ બધા મિત્રો બાઇક સવારીએ નિકળે છે તેમાં એક ટ્રકની હડફેટે આવતાં, પુત્રનું આકસ્મિક અવસાન થાય છે. આ આઘાત પ્રશાંત સહન કરી શકતાં નથી. મનોમન પોતાના પુત્ર, વેપાર તથા કુટુંબીજનો માટે કેટલું શુભ વિચાર્યું હતું પરંતુ કુદરતને કેટલીક વખત અતિશય સુખ, સમૃદ્ધિ તથા સંપત્તિ ખુંચતી હોય છે અને તેનો અણધાર્યો ફટકો પડે છે. પુત્ર પોતાનો ભાર હળવો કરશે તેને બદલે અત્યારે તેનો ભાર (ક્રોધ) તેને ઊંચકવો પડે છે તે રડતાં રડતાં સ્વીકારી લે છે. ઘરમાં થોડાં સમય માટે નિરવ શાંતિ પ્રવર્તે છે અને ટૂંક સમયમાં રાબેતા મુજબ બધું જ ગોઠવાય છે. પ્રશાંત વિચારે છે કે હવે લાડલો રહ્યો નથી. તેથી વેપાર બીજાને સોંપી દેવો અથવા વેચાણ કરી દેવું પરંતુ સાથે સાથે પોતાના પિતાને લીધે થયેલ વેપારમાં વૃદ્ધિ તથા તેને સાચવવાની પોતાની કુનેહ વિગેરે વિચારતાં, વેપાર કોઇને સોંપવાનું માંડી વાળે છે અને વેપારમાં ધ્યાન કેન્દ્રીત કરે છે. તેથી વિચારે છે કે ભવિષ્યનું શું? તેથી પુત્રને દત્તક લેવો અથવા બીજા લગ્ન કરવાનો પ્રસ્તાવ પ્રશાંતને મુકે છે પ્રથમ તો પ્રશાંત આ સાંભળી ગુસ્સે થાય છે પરંતુ વિચારણાને અંતે બીજા લગ્ન કરવાનો પ્રસ્તાવ સ્વીકારે છે અને તેનાથી અડધી ઉંમરની 'માલા' સાથે લગ્નથી જોડાય છે. પૌલોમી પોતાની બંને દીકરીઓને આ બાબતમાં સમજાવી લે છે.

બીજા લગ્નને ત્રણેક વર્ષ થયા હશે અને પાછા સારા દિવસોની જાણ થાય છે આ વખતે પણ ભાવનગર શહેરના ખ્યાતનામ ડોકટરની ટ્રીટમેન્ટ શરૂ થાય છે નિયત સમયે પરિણામ જાણ્યા પછી આખરે પ્રશાંતને થાય છે કે ઇશ્વર જે કરે છે તે સારા માટે કરે છે અને ફરીથી કુદરતે બક્ષેલ 'લક્ષ્મીદેવી'નો સહર્ષ સ્વીકાર કરે છે.

હાલમાં પ્રશાંતની દીકરીઓએ વેપાર તથા કુટુંબની જવાબદારી સ્વીકારી લીધી હોય છે. તેતી આ તો 'જીવનની ઘટમાળ' છે તેનો સ્વીકાર કરી, પ્રશાંત ફેમીલી શેષ જીવન વ્યતીત કરી રહ્યા છે.